# Day to Day Current Affairs

**17.JAN 2016:**

## ૧. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા :

- વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા પોતાના ડ્રીમ પ્રોજેક્ટ સ્ટાર્ટ-અપ ઈન્ડિયાની બ્લુ પ્રીન્ટ રજુ કરવામાં આવી.
- આ યોજનાની જાહેરાત તેમણે ગત સ્વતંત્ર દિને કરી હતી જેનું લોન્ચિંગ 16 જાન્યુઆરીના રોજ  નવી દિલ્હી ખાતે કર્યું.
- સ્ટાર્ટ-અપ એટલે નાના પાયે નવું સાહસ કરવું, જેમા માર્કેટમાં ના હોય એવી સર્વિસ પ્રોજેક્ટ આપવાની હોય.
- અન્ય વ્યાખ્યામાં કહીએ નો સ્ટાર્ટ-અપ એટલે એવી નવી કંપની કે સાહસ શરૂ કરવું જે પ્રકારનો વ્યવસાય સામાન્ય રીતે માર્કેટમાં ના હોય.
- યોજના પર એક નજર :
- નફો થવા દરમિયાન ત્રણ વર્ષ સુધી સ્ટાર્ટ-અપ્સને ટેક્સમાથી મુક્તિ.
- પોતાની પ્રોપર્ટી વેચીને સ્ટાર્ટ-અપમાં રોકાણ કરવા દરમિયાન કેપિટલ ગેઈન ટેક્સમાંથી મુક્તિ.
- શેર માર્કેટવેલ્યુથી ઉપરનાં રોકાણ પર ટેક્સમાંથી મુક્તિ.
- 10 હજાર કરોડનુ ફંડ બનાવવામાં આવશે, જેમાથી દર વર્ષે 2500 કરોડ સ્ટાર્ટ-અપને આપવામાં આવશે.
- ચાર વર્ષ સુધી પ્રતિવર્ષ 500 કરોડનું ક્રેડિટ ગેરન્ટી ફંડ બનાવવામાં આવશે.
- ત્રણ વર્ષ સુધી સ્ટાર્ટ-અપ્સનું કોઈ નિરીક્ષણ અને ઈન્સ્પેકશન કરવામાં નહી આવે.
- સ્ટાર્ટ અપ રજિસ્ટ્રેશન માટે ઓનલાઈન પોર્ટલ તથા નાના ફોર્મ માટે એપ ડેવલપ કરાશે.
- સેલ્ફ સર્ટિફિકેશન આધારિત કોમ્પ્લાયન્સ હશે.
- સ્ટાર્ટ અપ ઈન્ડિયા હબ : સિંગલ પોઈન્ટ ઓફ કોન્ટેકટ ડેવલપ કરાશે.
- દેશના મોય શહેરોમાં કન્સલ્ટેશન માટે મફત કેન્દ્રો શરૂ કરવામાં આવશે.
- પેટન્ટ એપ્લિકેશન ફીમાં 80 ટકા ઘટાડો કરવામાં આવશે.
- નિષ્ફળ સ્ટાર્ટ અપ્સમાંથી ઝડપી નિકાલ માટેની યોજના બનાવાશે.
- ઈનોવેશન માટે સ્ટાર્ટ અપને પુરસ્કાર આપવામાં આવશે.
- 30 લાખ જેટલા ઈન્ક્યુલેશન સેન્ટર ખોલવામાં આવશે.
- 5 લાખ શાળાઓના 10 લાખ બાળકોની ચકાસણી કરી તેમને ઈનોવેશન પ્રત્યે આકર્ષિત અને પ્રોત્સાહીત કરવામાં આવશે.

## ૨. ગુજરાતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઔદ્યોગિક લવાદ પંચ :

- ગુજરાત અને ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઔદ્યોગિક લવાદ પંચ વડોદરામાં શરૂ થશે.
- કેન્દ્રિયમંત્રી નિર્મલા સિતારમને કેન્દ્રનું ઉદઘાટન કર્યું હતુ.
- વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન સાથે ભારતના થયેલા કરારો મુજબ આ લવાદ પંચ (ઓર્બિટ્રેશન સેંટર) ના નિર્ણયો 160 દેશોમાં માન્ય રહશે.
- ભારતના ન્યાયતંત્રની ધીમી ગતીના કારણે ઐધોગીક તકરારોનું નિવારણ જલ્દીથી થતુ નથી જેના કારણે બિઝનસને અસર થાય છે જે સીધી રીતે જ ભારતના અર્થતંત્રને અસર કરે છે.
- આ સમસ્યાના નિવારણ માટે વડોદરા બાદ બીજુ ઔધોગિક લવાદ પંચ હૈદરાબદ ખાતે  અને 2018 સુધીમાં દેશમાં ૧૦ સેન્ટરો શરૂ કરી દેવાશે.

## 3. US માં ભારતીય મૂળના ડૉ. જૈનનું સન્માન :

- બરાક ઓબામાએ ભારતીય મૂળના અમેરીકી ડૉ. રાજેશ જૈનનું સન્માન કર્યુ.
- ડૉ. જૈનને વિજ્ઞાનમાં યોગદાન બદલ આ સન્માન અપાયું.

## ૪. સાઈ ઈંગ – વેન :

- સાઈ ઈંગ-વેન તાઈવાનમાં પહેલા મહિલા રાષ્ટ્રપ્રમુખ બનશે.
- પક્ષ : ડેમોક્રેટિક પ્રોગ્રેસીવ પાર્ટી.

## <u>પ્રશ્નો</u>

૧.16 જાન્યુઆરીના રોજ વડાપ્રધાન મોદીએ કઈ યોજનાની જાહેરાત કરી?... સ્ટાર્ટ-અપ ઈન્ડિયા.

૨. સ્ટાર્ટ-અપ ઇન્ડિયાનુ લોન્ચિંગ ક્યાંથી થયું ?  નવી દિલ્હી

3. સ્ટાર્ટ – અપ ઇન્ડિયા માટે કેટલુ ફંડ બનાવવમાં આવશે ? 10 હજાર કરોડ

૪. નફો થવા દરમિયાન કેટલા વર્ષ સુધી સ્ટાર્ટ – અપને ટેક્સમાંથી મુકતી મળશે ?  ત્રણ વર્ષ

૫. કેટલા વર્ષ સુધી સ્ટાર્ટ – અપનું કોઇ નિરિક્ષણ કરવામાં નહી આવે ? ત્રણ વર્ષ

૬. પેટંટ એપ્લીકેશન ફીમા કેટલા ટકા ઘટાડો કરાશે ? 80 ટકા

૭. દેશનુ પ્રથમ ઔધોગિક લવાદ પંચ ક્યાં આવ્યુ ? વડોદરા

૮. USમાં ભારતીય મૂળના ક્યાં વ્યકિતનુ વિજ્ઞાનમાં યોગદન બદલ સન્નમાન કરવામાં આવ્યું ? ડૉ. રાકેશ જૈન

૯. તાઇવાનના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ? સાઇ ઇંગ – વેન

Vivekanand Academy, Gandhinagar